# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક: ૦૯/૨૦૧૪-૧૫, ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા, વર્ગ-૧ અને વર્ગ-૨ની મુખ્ય પરીક્ષાનું પરિણામ તારીખ:૧૦/૦૪/૨૦૧૭ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

(અ) રૂબરૂ મુલાકાત માટે પાત્ર થયેલ ઉમેદવારોની રૂબરૂ મુલાકાત તારીખ: ૨૩/૦૪/૨૦૧૭ (રવીવાર) થી તારીખ: ૨૦/૦૫/૨૦૧૭ (શનિવાર) સુધીના સમયગાળા દરમ્યાન યોજવામાં આવશે. આ ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેનો કોલ લેટર હવે પછી મોકલી આપવામાં આવશે. રૂબરૂ મુલાકાતનો વિગતવાર કાર્યક્રમ આયોગની વેબસાઈટ પર મૂકવામાં આવશે. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

(બ) નિરપેક્ષતા, પારદર્શક્તા અને વિશ્વસનિયતાના ઉન્નત ધોરણો સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી આયોગ દ્વારા રૂબરૂ મુલાકાત માટે નીચે મુજબની પ્રક્રિયા અનુસરાય છે:

(૧) એક કરતાં વધુ ઈન્ટરવ્યુ બોર્ડ હોય ત્યારે રૂબરૂ મુલાકાતના દિવસે હાજર ઉમેદવારોને ડ્રો પદ્ધતિથી બોર્ડ ફાળવવામાં આવે છે.

(૨) ત્યારબાદ દરેક ઉમેદવાર પોતે જ ડ્રો દ્વારા એક યુનિક કોડ મેળવશે. સમગ્ર રૂબરૂ મુલાકાત-પ્રક્રિયા દરમ્યાન આ યુનિક કોડ નંબર જ જે તે ઉમેદવારની ઓળખ રહેશે. ઉમેદવારે રૂબરૂ મુલાકાત દરમ્યાન પરિચય પૂછવામાં આવે ત્યારે પણ પોતાનું નામ ન જણાવતા તેમના ફાળે આવેલ યુનિક કોડથી જ પોતાનો પરિચય આપવાનો રહેશે.

(૩) ઈન્ટરવ્યુ-બોર્ડમાં હાજર રહેનાર નિષ્ણાતને ઈન્ટરવ્યુ-બોર્ડની ફાળવણી ડ્રો દ્વારા કરવામાં આવે છે. ઈન્ટરવ્યુ બોર્ડ પાસે કોઈ ઉમેદવારના નામની માહિતી ન રહેતા માત્ર યુનિક કોડ નંબર જ હશે.

(૪) ક્યો ઉમેદવાર ક્યા બોર્ડને ફાળવવામાં આવશે અને ક્યા ઉમેદવારને ક્યો યુનિક કોડ મળશે તથા ક્યા વિષય-નિષ્ણાંત ક્યા બોર્ડમાં સમાવિષ્ટ થશે તે બાબતો રૂબરૂ મુલાકાતના દિવસે જ ડ્રો દ્વારા નિર્ધારિત થશે. અગાઉથી આ બાબતોની જાણ ન તો ઉમેદવારને હશે કે ન તો ઈન્ટર્વ્યુ બોર્ડને.

(ક) સમગ્ર ભરતી પ્રક્રિયામાં ઉમેદવારોનું મૂલ્યાંકન માત્ર ને માત્ર મેરીટ એટલે કે યોગ્યતાના આધારે કરવામાં આવે છે. જેથી ઉમેદવારોએ આડકતરી રીતે લાગવગ, ભલામણ કે તરફેણ કરવાનો કે અન્ય કોઈ રીતે આયોગ પર દબાણ લાવવાનો પ્રયત્ન કરવો નહીં. આવો પ્રયત્ન કરનારની ઉમેદવારી રદ્દ કરવામાં આવશે અને તેની સામે ફોજદારી કાર્યવાહી હાથ ધરવાની સાથે આયોગ દ્વારા ભવિષ્યમાં લેવાનારી તમામ પરીક્ષાઓ માટે તેને ગેરલાયક ઠરાવવામાં આવશે.

તારીખ:૧૧/૦૪/૨૦૧૭